# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04-03-2025** **Evening: 7.50 TO 8.00**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, કે MSME દેશના આર્થિક વિકાસમાં પરિવર્તનકારી ભૂમિકા ભજવે છે.

2) રાષ્ટ્રપતિએ કહ્યું કે સાતત્યપૂર્ણ વિકાસને ટકાઉ અને સમાવિષ્ટ બનાવવા માટે સંસાધનોનો કાર્યક્ષમ અને વ્યવહારૂ ઉપયોગ થવો જોઇએ.

3) મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે તમામ મુખ્ય ચૂંટણી અધિકારી, જિલ્લા ચૂંટણી અધિકારીઓ અને બૂથ લેવલ ઓફિસરને તમામ કાયદાકીય જવાબદારીઓ ખંતપૂર્વક પૂર્ણ કરવા માટે આહ્વાન કર્યું

4) અમેરિકાએ ચાઇનીઝ, મેક્સિકન અને કેનેડિયન આયાત પર લગાવવામાં આવેલી જકાત આજથી અમલી કરી

5) આંતર-રાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ- I.C.C. ચેમ્પિયન્સ ટ્રોફી ક્રિકેટની સેમિ-ફાઈનલમાં ઑસ્ટ્રેલિયાએ ભારતને જીતવા 265 રનનો લક્ષ્યાંક આપ્યો

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# DAY PM-WEBINAR MSME

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે જણાવ્યું હતું કે સરકાર આત્મનિર્ભર ભારતના અભિગમ સાથે કામ કરી રહી છે અને સુધારાઓની ગતિને વેગ આપ્યો છે. તેમણે કહ્યું કે દેશે છેલ્લા 10 વર્ષમાં સુધારા, નાણાકીય શિસ્ત, પારદર્શિતા અને સમાવેશી વિકાસ પ્રત્યે સતત પ્રતિબદ્ધતા દર્શાવી છે. અર્થતંત્રમાં MSMEના મહત્વ વિશે વાત કરતા, શ્રી મોદીએ કહ્યું કે MSME દેશના આર્થિક વિકાસમાં પરિવર્તનકારી ભૂમિકા ભજવે છે. શ્રી મોદી MSME ને વિકાસના એન્જિન તરીકે, ઉત્પાદન, નિકાસ અને પરમાણુ ઉર્જા મિશન, નિયમનકારી, રોકાણ અને વ્યવસાય કરવાની સરળતા સુધારાઓ પર બજેટ પછીના વેબિનારને સંબોધિત કરી રહ્યા હતા.

## (BYTE: PM MODI MSME)

પ્રધાનમંત્રીએ નિર્દેશ કર્યો કે, સ્થિર નિતી અને વેપાર માટે સારું વાતાવરણ વિકાસ માટે જરૂરી છે. દેશમાં વેપારની સરળતા માટે લેવામાં આવેલા વિવિધ પગલાં અંગે શ્રી મોદીએ જણાવ્યું કે, સરકારે જન વિશ્વાસ કાયદો અમલી બનાવ્યો છે અને પૂર્તતા ઘટાડીને આવકવેરાને સરળ કરવાનો વિચાર દાખલ કર્યો છે.

તેમણે ઉમેર્યું કે, સરકાર જન વિશ્વાસ 2.0 બિલ પર કામ કરી રહી છે.

તેમણે ઉદ્યોગના નેતાઓને માત્ર મુકપ્રેક્ષક ન બની રહીને, વૈશ્વિક પુરવઠા શ્રૃંખલામાં તકો શોધવા વિનંતી કરી હતી. તેમણે જણાવ્યું કે, નિકાસને વેગ આપવા વૈશ્વિક માંગ હોય તેવી નવીન ચીજોનાં ઉત્પાદન પર ભાર મૂકવો જોઇએ.

# BELGIUM PRINCESS-MODI

બેલ્જિયમનાં રાજકુમારી એસ્ટ્રિડ આજે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળ્યા હતા. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ ભારતમાં ત્રણસો સભ્યોના આર્થિક મિશનનું નેતૃત્વ કરવા બદલ બેલ્જિયમની રાજકુમારીનો આભાર માન્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે તેઓ વેપાર, ટેકનોલોજી, સંરક્ષણ, કૃષિ, જીવન વિજ્ઞાન, નવીનતા, કૌશલ્ય અને શૈક્ષણિક આદાનપ્રદાનમાં નવી ભાગીદારી દ્વારા બંને દેશોના દેશવાસીઓ માટે અમર્યાદિત તકો ખોલવા માટે આતુર છે.

# PM JAMNAGAR

જામનગર નજીક આવેલા વનતારા કેન્દ્રમાં 2 હજારથી વધુ વન્યપ્રાણીઓનું સંરક્ષણ કરવામાં આવે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તાજેતરના ગુજરાતનાં પ્રવાસ દરમિયાન વનતારા કેન્દ્રનું ઉદ્ઘાટન કર્યું હતું. દરમિયાન શ્રી મોદીએ અનેક વન્ય પ્રાણીઓ સાથે સમય વિતાવ્યો હતો. શ્રી મોદીએ પ્રાણીઓની હોસ્પિટલની પણ મુલાકાત લીધી હતી.

# PREZ-IRS OFFICERS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ભારપૂર્વક જણાવ્યું છે કે વિકાસને ટકાઉ અને સમાવિષ્ટ બનાવવા માટે સંસાધનોનું સંચાલન કાર્યક્ષમતા અને વાજબીપણા સાથે કરવું જોઈએ.

રાષ્ટ્રપતિ ભવનમાં આજે ભારતીય મહેસુલ સેવાના તાલીમાર્થી અધિકારીઓને સંબોધતા રાષ્ટ્રપતિએ કહ્યું કે દેશમાં માળખાગત સુવિધા વધી રહી છે, ડિજિટલ કનેક્ટિવિટીના તફાવતને દૂર કરી રહી છે અને આર્થિક તકો પહેલા કરતાં વધુ સુલભ બની છે.

રાષ્ટ્રપતિએ કહ્યું કે ભારતીય મહેસૂલ સેવાના અધિકારીઓનું કામ શાસન અને કલ્યાણ માટે સૌથી મહત્વપૂર્ણ કાર્યોમાંનું એક છે. તેમણે ઉમેર્યું કે ભારતીય મહેસૂલ સેવાના અધિકારીઓ આ આવશ્યક સંસાધનને ન્યાયી, અસરકારક અને પારદર્શક રીતે સુનિશ્ચિત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવશે.

# PANCHAYATI RAJ RAJIV RANJAN SINGH

કેન્દ્રીય પંચાયતી રાજ મંત્રી રાજીવ રંજન સિંહ, ઉર્ફે લલ્લન સિંહે એ વાત પર પ્રકાશ પાડ્યો છે કે આજે દેશભરમાં લગભગ 14 લાખ મહિલાઓ પંચાયતી રાજ સંસ્થાઓ સાથે સંકળાયેલી છે.

આજે નવી દિલ્હીમાં ચૂંટાયેલા મહિલા પ્રતિનિધિઓ માટેના રાષ્ટ્રીય પરિષદમાં સશક્ત પંચાયત-નેત્રી અભિયાનના ઉદ્ઘાટન કાર્યક્રમને સંબોધતા શ્રી સિંહે જણાવ્યું હતું કે સરકારે મહિલાઓને સશક્ત બનાવવા માટે લખપતિ દીદી અને નમો ડ્રોન દીદી યોજનાઓ સહિત અનેક પહેલ કરી છે. તેમણે મહિલાઓમાં આત્મવિશ્વાસ જગાડવા માટે પંચાયતી રાજ સંસ્થાઓમાં કૌશલ્ય વિકાસની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો.

કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવીએ ભાર મૂક્યો હતો કે મહિલાઓના નેતૃત્વ હેઠળના વિકાસથી સમાજમાં સકારાત્મક પરિવર્તન આવે છે અને આર્થિક વિકાસ પણ થાય છે.

આ કાર્યક્રમમાં કેન્દ્રીય પંચાયતી રાજ રાજ્યમંત્રી પ્રોફેસર એસ. પી. સિંહ બઘેલ અને કેન્દ્રના યુવા બાબતો અને રમતગમત રાજ્યમંત્રી રક્ષા નિખિલ ખડસે પણ હાજર રહ્યા હતા.

# CEC-CEO CONFERENCE

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે તમામ મુખ્ય ચૂંટણી અધિકારી, જિલ્લા ચૂંટણી અધિકારીઓ અને બૂથ લેવલ ઓફિસરને પારદર્શકતાથી કામ કરવા અને તમામ કાયદાકીય જવાબદારીઓ ખંતપૂર્વક પૂર્ણ કરવા માટે આહ્વાન કર્યું છે. આજે નવી દિલ્હીમાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય ચૂંટણી અધિકારીઓના સીઈઓની બે દિવસીય પરિષદને સંબોધતા શ્રી કુમારે અધિકારીઓને રાજકીય પક્ષો પ્રત્યે સુલભ અને પ્રતિભાવશીલ બનવાનો નિર્દેશ આપ્યો. તેમણે ઉમેર્યું કે, સંબંધિત સક્ષમ અધિકારી દ્વારા હાલના કાયદાકીય માળખામાં કોઈપણ મુદ્દાઓનું નિરાકરણ લાવવા માટે તમામ કાયદાકીય સ્તરે તમામ પક્ષીય બેઠકો નિયમિતપણે યોજવામાં આવે.

મુખ્ય ચૂંટણી કમિશનરે એમ પણ કહ્યું કે દરેક સીઈઓએ મુદ્દાવાર કાર્યવાહીનો અહેવાલ આગામી મહિનાની 31મી તારીખ સુધીમાં તેમના સંબંધિત નાયબ ચૂંટણી કમિશનરને સુપરત કરવાનો રહેશે. શ્રી કુમારે ઉમેર્યું કે અધિકારીઓએ એ સુનિશ્ચિત કરવું જોઈએ કે દેશના 18 વર્ષથી વધુ ઉંમરના તમામ નાગરિકો મતદાર તરીકેની નોંધણી કરાવી હોય.

મુખ્ય ચૂંટણી કમિશનરે અધિકારીઓને નિર્દેશ આપ્યો કે દરેક મતદાન મથક પર 800 થી 1200 મતદારો હોય અને તે મતદારના નિવાસસ્થાનથી બે કિલોમીટરના અંતરે હોય તે સુનિશ્ચિત કરવા પ્રયાસો કરવામાં આવે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# VAISHNAW - IIMC

માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે વિદ્યાર્થીઓને તેમના કાર્ય પર ધ્યાન કેન્દ્રિત કરવા અને ધ્યેય પ્રત્યે પ્રતિબદ્ધ રહેવા વિનંતી કરી છે. નવી દિલ્હીમાં ભારતીય દૂરસંદેશાવ્યવહાર સંસ્થા- IIMC ના 56મા દીક્ષાંત સમારોહને સંબોધતા શ્રી વૈષ્ણવે કહ્યું કે, આજે  માધ્યમોની સમગ્ર દુનિયા જ  બદલાઈ રહી છે. તેમણે વિદ્યાર્થીઓને હંમેશા રાષ્ટ્રને પ્રથમ રાખવા કહ્યું. શ્રી વૈષ્ણવે IIMC ને અત્યાધુનિક સુવિધાઓ સાથે વિશ્વ કક્ષાની મીડિયા સંસ્થા બનાવવાનો પુનરોચ્ચાર કર્યો.

આ કાર્યક્રમ દરમિયાન, મંત્રીશ્રીએ 2023-24ની બેચના પત્રકારત્વના ચારસો સિત્તેર વિદ્યાર્થીઓને અનુ સ્નાતક ડિપ્લોમા એનાયત કર્યો અને 36 ઉત્કૃષ્ટ વિદ્યાર્થીઓને તેમની શૈક્ષણિક શ્રેષ્ઠતાને માન્યતા આપવા બદલ ચંદ્રક અને રોકડ પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા.

# CHIRAG PASWAN AAHAR FAIR

અન્ન અને ખાદ્ય પ્રક્રિયા ઉદ્યોગ મંત્રી ચિરાગ પાસવાને જણાવ્યું છે કે, ભારતમાં વૈશ્વિક ભૂખની જરૂરિયાત પૂર્ણ કરવાની ક્ષમતા છે અને દેશમાં તે માટેનું માળખું ઊભું કરવા સરકાર આ દિશામાં કામ કરી રહી છે.

શ્રી પાસવાને આજે નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે ઇન્ટરનેશનલ ફુડ એન્ડ હોસ્પિટાલિટી ફેર- AAHAR ની 39મી આવૃત્તિનાં પ્રારંભિક સત્રનું ઉદઘાટન કર્યું હતું. શ્રી પાસવાને વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, નજીકનાં ભવિષ્યમાં વિશ્વનાં દરેક અનાજ બજારમાં ઓછામાં ઓછી એક ભારતીય ખાદ્ય ચીજ રજૂ કરવામાં આવશે. તેમણે જણાવ્યું કે, ભારતનાં અભિગમને સાકાર કરવા માટે તમામ હિતધારકોની ભૂમિકા મહત્વની છે.

આહાર મેળાની વિગતો આપતા ઇન્ડિયા ટ્રેડ પ્રમોશન ઓર્ગેનાઇઝેશનના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર પ્રદીપસિંહ ખારોલાએ જણાવ્યું કે, આ વર્ષે મેળામાં 22 દેશોમાંથી 1 હજાર 700થી વધુ પ્રદર્શકો ભાગ લઈ રહ્યા છે. તેમણે ઉમેર્યું કે, પાંચ દિવસનાં આ મેળામાં એક લાખથી વધુ મુલાકાતીઓ આવે તેવી સંભાવના છે.

# MUNDE RESIGN

મહારાષ્ટ્રના રાજ્યપાલ સી પી રાધાકૃષ્ણને મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસની ભલામણ મુજબ રાજ્યના ખાદ્ય, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રી ધનંજય મુંડેનું રાજીનામું સ્વીકારી લીધું છે. આજે વહેલી સવારે શ્રી મુંડેએ મુખ્યમંત્રી ફડણવીસને પોતાનું રાજીનામું સુપરત કર્યું હતું.

બીડ જિલ્લાના મસાજોગ ગામના સરપંચ સંતોષ દેશમુખની હત્યામાં શ્રી મુંડેના નજીકના સાથીઓની સંડોવણી સ્પષ્ટ થયા પછી આ ઘટનાક્રમ સામે આવ્યો છે. વિરોધ પક્ષો અને ભાજપના ધારાસભ્ય સુરેશ ધાસ ઘણા દિવસોથી શ્રી મુંડેના રાજીનામાની માંગણી કરી રહ્યા હતા.

# BIHAR MANOHAR LAL

કેન્દ્રીય મંત્રી મનોહર લાલે આજે જણાવ્યું હતું કે પટણા મેટ્રો રેલ પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો આ વર્ષે ઓગસ્ટ સુધીમાં પૂર્ણ થશે. કેન્દ્રીય મંત્રીએ પટણામાં રાજ્ય અતિથિ ગૃહમાં શહેરી વિકાસ અને ઉર્જા વિભાગના અધિકારીઓ સાથે બેઠક બાદ માધ્યમો સાથેની વાતમાં બિહાર માટે પીએમ આવાસ યોજના- શહેરી, સ્માર્ટ સિટી અને સ્વચ્છ ભારત અભિયાન માટે તમામ મદદની ખાતરી આપી હતી.

# US TARIFF

અમેરિકાએ ચાઇનીઝ, મેક્સિકન અને કેનેડિયન આયાત પર લગાવવામાં આવેલી જકાત આજથી અમલમાં આવી છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કેનેડા અને મેક્સિકો સામે 25 ટકા અને ચીન સામે 20 ટકા જકાત લાદવાની જાહેરાત કરી છે, જે ગયા મહિનાથી ચીન પર લગાવવામાં આવેલા ટેરિફને બમણું કરશે. બીજી તરફ, કેનેડાએ કહ્યું છે કે તે 150 અબજ ડોલરની અમેરિકન ચીજવસ્તુઓ પર 25 ટકા ટેરિફ લાદશે. ચીને અમેરિકાની કૃષિ આયાત પર 10થી 15 ટકા જકાત લાદવાની જાહેરાત કરી છે અને બદલો લેવાની કાર્યવાહી સાથે અમેરિકન કંપનીઓને પણ નિશાન બનાવી રહ્યું છે, જ્યારે મેક્સિકોએ પણ બદલો લેવાની પ્રતિજ્ઞા લીધી છે.

શ્રી ટ્રમ્પે કહ્યું કે આયાત જકાત લાદવાથી કેનેડા અને મેક્સિકોને દેશમાં પ્રવેશતી ગેરકાયદેસર દવાઓ અને સ્થળાંતરકારોને રોકવા માટે વધુ પગલાં લેવા દબાણ આવશે.

દરમિયાન, આજે અમેરિકન બજારોમાં ઘટાડો થયો હતો, જ્યારે એશિયન બજારોમાં વેપાર યુદ્ધની શક્યતાથી ગભરાટભરી વેચવાલી જોવા મળી હતી.

યુદ્ધનો વ્યાપ વધવાની સંભાવનાને કારણે નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે અમેરિકનાં ગ્રાહકોને કરિયાણા, ઇલેક્ટ્રોનિક્સ અને ઓટોમોબાઈલ સહિત ચોક્કસ ઉત્પાદનો માટે વધુ ખર્ચનો સામનો કરવો પડશે.

# CIRCULAR ECONOMY

કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે કહ્યું છે કે ભારતની ચક્રિય અર્થવ્યવસ્થા વર્ષ 2050 સુધીમાં 2 લાખ કરોડ ડોલરથી વધુનું બજાર મૂલ્ય ઉત્પન્ન કરવાની અને લગભગ એક કરોડ નોકરીઓનું સર્જન કરવાની ક્ષમતા ધરાવે છે. શ્રી યાદવ જયપુરમાં આયોજિત ‘12મા પ્રાદેશિક 3R અને ચક્રિય અર્થતંત્ર ફોરમ ઇન એશિયા અને પેસિફિક’ ને સંબોધિત કરી રહ્યા હતા. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે ભારતનું મિશન ચક્રિય અર્થતંત્ર ત્રણ મુખ્ય સિદ્ધાંતો પર આધારિત છે, જેમાં પ્રદૂષણ અને કચરો, ચક્રિય પેદાશો અને પદાર્થો નાબૂદ થાય છે.

તેમણે જણાવ્યું કે, સરકાર સંપૂર્ણ સરકાર અભિગમ દ્વારા દેશને ચક્રિય અર્થથંત્રની દિશામાં લઈ જવા નિતીઓ ઘડી રહી છે અને પ્રયાસોને વેગ આપી રહી છે.

# ICC INDIA V/S AUS

આંતર-રાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ- I.C.C. ચેમ્પિયન્સ ટ્રોફી ક્રિકેટની પ્રથમ સેમિ-ફાઈનલ મેચમાં  ઑસ્ટ્રેલિયાએ ભારતને જીતવા માટે 265 રનનો લક્ષ્યાંક આપ્યો છે. સ્ટિવ સ્મિથે 73 અને એલેક્સ કેરીએ 61 રન કર્યા હતા. ભારત વતી મહમ્મદ શમીએ ત્રણ અને રવીન્દ્ર જાડેજા તથા વરૂણ ચક્રવર્તીએ બે-બે વિકેટ ઝડપી હતી.

દુબઈમાં ચાલી રહેલી આ મેચમાં છેલ્લાં અહેવાલ પ્રમાણે ભારતે 22 ઓવરમાં 2 વિકેટે 120 રન કર્યા છે

બાંગ્લાદેશ અને પાકિસ્તાન સામે જીત્યા બાદ ભારતે પોતાની અંતિમ લીગ મેચમાં ન્યૂઝિલેન્ડને પણ 44 રનથી હરાવ્યું હતું, સ્ટીવ સ્મિથના સફળ નેતૃત્વમાં ઑસ્ટ્રિલયા એક મોટી ટૂર્નામેન્ટની બીજી સેમિ-ફાઈનલમાં પહોંચી છે. ટૂર્નામેન્ટની બીજી સેમિ-ફાઈનલ મેચ આવતીકાલે ન્યૂઝિલેન્ડ અને દક્ષિણ આફ્રિકા વચ્ચે પાકિસ્તાનના લાહોરમાં રમાશે. ફાઈનલ મેચ આ રવિવારે રમાશે.